Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

વિચારો ગમે તેટલા
જાગૃત અને ઉંચા હોય
પણ જ્યાં સુધી
તેનો અમલ ન થાય
ત્યાં સુધી તેની
કોઈ કિંમત નથી હોતી.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 270 ● 1st March 2026 Price Rs. 2/- ● Pages-20

**જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ**

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર, શાશ્વત તિર્થ શત્રુંજય ગિરિરાજની છ ગાઉની યાત્રા કરવા ભાવિકો ઉમટ્યા છે તે સર્વેની અનુમોદના. આ માર્ચ માસના અંત ભાગમાં કર્મ ખપાવનારી શાશ્વતી નવપદની આયંબિલ ઓળીનો પ્રારંભ થશે તે ઓળી કરનાર સર્વે તપસ્વીઓની અનુમોદના.

અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા પ્રકાશિત 'પરિવાર પત્રિકા'ના બીજા પેજ ઉપર નીચેના ભાગમાં આ વર્ષે સ્વ.ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ (ગાંભુ–હાલ: પૂના)ની સ્મૃતિમાં, તેમનો ફોટો નામ, સુવાક્ય સાથે છપાય છે. તેનો લાભ વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૬ સુધી, તેમના સુપુત્રી ચિ.હેમાબેન રાજેશકુમાર શાહે (ભાલક–અમદાવાદ) એ લીધેલ. મંડળ તેમનો અંત:કરણ પૂર્વક આભાર માને છે. તેની મુદત માર્ચ–૨૬માં પૂર્ણ થાય છે. તે જગ્યાએ નવા દાતા આવકાર્ય છે. જેનો નકરો એક વર્ષ એપ્રિલ–૨૦૨૬ થી માર્ચ–૨૦૨૭ સુધી માટે રૂ.૨૧૦૦૦/– રાખવામાં આવેલ છે. જે જ્ઞાતિબંધુઓ આ યોજનામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ, તેમનું લેખિત સંમતિપત્ર સીલબંધ કવરમાં મોડામાં મોડું તા.૧૫–૦૩–૨૦૨૬ સુધીમાં મંડળના કાર્યાલયે આપવા વિનંતી છે. એકથી વધુ ઓફર સીલબંધ કવરમાં આવશે તો ડ્રો પદ્ધતિથી ભાગ્યશાળી દાતાને આ યોજનાનો લાભ આપવામાં આવશે. રૂ.૨૧૦૦૦/–ના નકરામાં વર્ષ દરમ્યાન એક અથવા બે અલગ ફોટા દર મહિને છાપી શકાશે.

અમદાવાદ જ્ઞાતિમંડળ અંતર્ગત સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિના ઉપક્રમે તા.૧૫–૦૨–૨૦૨૬, રવિવારે જ્ઞાતિમંડળના હોલમાં 'ગહુંલી સ્પર્ધા' નો એક સુંદર અને પ્રશંસાપાત્ર ધાર્મિક કાર્યક્રમ સંપન્ન થયો. આ કાર્યક્રમની સફળતા માટે પ્રમુખ શ્રી વિજયભાઈએ ઉત્સાહપૂર્વક અને વધુમાં વધુ જ્ઞાતિજનો ભાગ લે તે માટે તન–મનથી તૈયારી કરવાની પ્રેરણા આપી. ગહુંલીની રચના કંડારવામાં નિષ્ણાત અને અનુભવી શ્રીમતી પ્રીતિબેન તથા શ્રીમતી અંજનાબેન તા.૧૧ ફેબ્રુઆરી થી ૧૪ ફેબ્રુઆરી દરમ્યાન ભાગલેનારાઓને ગહુંલીની રચના કરવાનું માર્ગદર્શન આપ્યું. આશરે ૪૯ સ્પર્ધકોએ ભાગ લીધો. વિવિધ, સુંદર, નાવિન્યપૂર્ણ રચનાઓ થઈ. પ્રથમ ત્રણ સ્પર્ધકોને રોકડ ઈનામ તથા ભાગ લેનાર દરેકને તેમના નામ અને ફોટો અંક્તિ કરેલ મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા.

સમ્યક્જ્ઞાન પ્રસાર નિધિ દ્વારા સમાજના જે ભાઈ બહેનોને ચાર દિવસ ગહુંલી શીખવાડી તે બદલ શ્રીમતી પ્રીતિબેન ભાવેશભાઈ શાહ (ભાલક) તથા શ્રીમતી અંજનાબેન વિક્રમભાઈ ગાંધી (રણુંજ) નો અમદાવાદ જ્ઞાતિ મંડળ આભાર માને છે.

અમદાવાદ જ્ઞાતિમંડળ સંચાલિત શૈક્ષણિક સમિતિ દ્વારા આગામી સમયમાં જ્ઞાતિના ધોરણ–૧ થી કોલેજ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થી–વિદ્યાર્થિનીએ ચોપડા વગેરેનું વિતરણ કરવાનું આયોજન કરેલું છે. તેનો વિગતવાર અહેવાલ આ અંકમાં અન્યત્ર છાપવામાં આવેલ છે.

### શૈક્ષણિક સમિતિનો અહેવાલ

શિક્ષણ થકી જ્ઞાતિની દરેક વ્યક્તિ જે સ્વાવલંબી થઈ શકે અને સ્વમાનપૂર્વક રહી શકે.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ સંચાલિત શૈક્ષણિક સમિતિની મિટીંગમાં, અમદાવાદ જ્ઞાતિ મંડળના નોંધાયેલા સભ્યોના સંતાનોને વર્ષ ૨૦૨૬ માટે ૧૪૪ પેજના જંબો સાઈઝના ફુલસ્કેપ ચોપડા તેમજ પેન–સેટ રાહત દરે વિતરણ કરવા અંગેની વિચારણા નીચે મુજબ થયેલી છે.

- જે જ્ઞાતિજન અમદાવાદ જ્ઞાતિમંડળના આજીવન કે વાર્ષિક સભ્ય હોય અને વિદ્યાર્થી/વિદ્યાર્થિનીના વાલીના સભ્યપદને એક વર્ષ પૂર્ણ થયેલ હોય તેમના સંતાન કે સંતાનોને હાલમાં ધો.–૧ થી કોલેજ કે તેથી વધુ અભ્યાસ કરતા હોય તેવા દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને ઉપરોક્ત લાભ મળશે.
- દરેક વિદ્યાર્થિ દીઠ બે ડઝન ચોપડા મળશે. દાખલા તરીકે એક પરિવારમાં અભ્યાસ કરતા ત્રણ સંતાનો હોય તો કુલ ૬ ડઝન ચોપડા મળી શકે છે.

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ...........(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ..................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ..................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ.................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ...................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ...................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ...........(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીયાવી)

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણવા-મંડાલી મુંબઇ, (ઉ.વર્ષ: ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

સદ્‌ગતની સ્મૃતિમાં

| | | |
|---|---|---|
| કેતન | કેયુર | કેતકી |
| અલ્કા | શ્વેતા | અક્ષય |

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા પરિવાર તરફથી

અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા'' મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંઢાઇ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઢાઇ)
કંચનબેન ચીનુભાઇ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

- જ્યારે ચોપડા લેવા આવો ત્યારે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું જે તે ધોરણનું પરિણામ આવી ગયું હોય તો તેની ચાલુ વર્ષની માર્કશીટની ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે અને જો પરિણામ ના આવ્યું હોય તો જે તે ધોરણની વાર્ષિક ફી ભર્યાની રીસીપ્ટની ઝેરોક્ષ આપવાની રહેશે.
- ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ચોપડા મેળવવા માટે Online Google Form તા. ૨૦-૦૩-૨૦૨૬ સુધીમાં Submit કરવાનું રહેશે જે અંગેની Link તેમજ અન્ય જરૂરી સૂચના જ્ઞાતિજનોને તા.૦૧-૦૩-૨૦૨૬ના રોજ જ્ઞાતિ સમાજના What's App Group માં મૂકવામાં આવશે. તેમજ વખતોવખત સમિતિ દ્વારા કોઈ નવી Update/ માહિતી પણ આ ગ્રુપ દ્વારા જ્ઞાતિજનોને વાકેફ કરવામાં આવશે.
- જે જ્ઞાતિજન પાસે સ્માર્ટ ફોન ન હોય અને સાદો ફોન હોય તેમણે આ Google Form ની વિગતો એક સાદા ફુલસ્કેપ કાગળમાં સુવાચ્ય અક્ષરે લખીને ફોટો પાડીને બીજા કોઈના સ્માર્ટફોન દ્વારા નીચે આપેલા મોબાઈલ નંબર પર What's App થી મોકલી આપવાની રહેશે.
- ફોર્મ ભરવામાં કે કોઈ બાબતમાં ખ્યાલ ન આવે તો સમિતિના કન્વીનર શ્રી સંદિપભાઈ મો.: ૯૮૨૫૭ ૮૭૫૪૯ અને સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ મો.: ૯૪૨૬૩ ૪૯૪૦૭ તથા જ્ઞાતિમંડળના હેલ્પ લાઈન નં. : ૭૦૪૬૬ ૦૨૩૭૫ નો સંપર્ક કરવા વિનંતી.
- ખાસ નોંધ : ગયા વર્ષે તારીખ પતી ગયા બાદ ઘણા સભ્યોના ફોન આવ્યા હતા. પરંતુ તેમણે ફોર્મ ભર્યા નહોતા. તેથી તેમને ચોપડા મળી શક્યા નહોતા. તો આ વખતે યાદ રાખીને તા.૨૦-૦૩-૨૦૨૬ સુધીમાં ફોર્મ ભરીને મોકલવા વિનંતી. ચોપડાનું વિતરણ કઈ તારીખે, ક્યાંથી થવાનું છે, કયા દરે ચોપડા મળશે, તેમજ શૈક્ષણિક પુરસ્કાર માટે માર્કશીટ મોકલવાની છેલ્લી તારીખ વગેરે માહિતી પછીથી What's App Group દ્વારા આપવામાં આવશે.

### જ્ઞાતિજનોને વિનંતી પૂર્વક નમ્ર નિવેદન

'પરિવાર પત્રિકા' માં પ્રકાશિત કરવા માટે, જ્ઞાતિજનને જાહેરાત રૂપે કે ધાર્મિક સમાચાર રૂપે કે સાધર્મિક, શૈક્ષણિક, મેડિકલ, શુભલગ્ન, સમ્યક્‌જ્ઞાન પ્રસાર નિધિ વગેરેમાં દાન આપવું હોય કે હોલ બુકિંગ, સરનામામાં ફેરફાર માટે સુવાચ્ય અક્ષરે પોતાનું અથવા જેમના દ્વારા મોકલાવ્યું હોય તેમનું પુરૂ નામ, ગામ, સરનામું મોબાઈલ નંબર આપવા વિનંતી. કાર્યાલયે રૂબરૂ આવ્યા વિના પણ આ સુવિધા મેળવી શકો તે માટે મંડળના Helpline No.: +91 70466 02375 ઉપર સંપર્ક કરી શકાશે. શક્ય હોય તો વડોદરા વસ્તી પત્રકનો ક્રમ નંબર તથા પાના નંબર લખવો. Helpline ના નંબર ઉપર જ્ઞાન-માહિતી કે શુભેચ્છા સંદેશ પોષ્ટ ન કરવા.

એક જ સરનામે એક થી વધારે 'પરિવાર પત્રિકા' આવતી હોય, પિતા-પુત્ર અલગ ન રહેતા હોય છતાં ડબલ આવતી હોય તો તેની લેખિત જાણ કાર્યાલયે કરવા નમ્ર વિનંતી. અમદાવાદમાં રહેતા અને ૧૮ વર્ષથી વધુ વયના યુવાન પુત્ર હોય તેમણે જ્ઞાતિમંડળના આજીવન સભ્ય થવા વિનંતી.

જ્ઞાતિ હોલ ખાતે, દર મહિને બે ગુરૂવારે ડૉ.શ્વેતાબેન શાહ દ્વારા હોમિયોપેથિક માર્ગદર્શન અને દવા વિના મૂલ્યે આપવામાં આવે છે.

જ્ઞાતિજનોએ આ સેવાનો લાભ લેવા વિનંતી. તેનો વોટ્સએપ મેસેજ મોકલવામાં આવે છે.

સમ્યક્‌જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત સોમવારથી શનિવાર સાંજે ૪-૦૦ થી ૫-૦૦ પાઠશાળા કાર્યરત છે. વધુમાં વધુ જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી છે.

શ્રી ભાવેશભાઈ એમ. શાહ-મંત્રી ❁ શ્રી રમેશભાઈ સી. શાહ-સહમંત્રી



પૈસા આવી જવાથી જીવનમાં શાંતિ આવી જશે તે નક્કી નહી, જીવનમાં જો શાંતિ હશે તો પૈસા વધારે હોય કે ઓછા કંઈ ફરક નહી પડે.

**ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
(ગાંભુ-હાલ:પૂના)
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ❖ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, ક્રીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

**દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...**



**પ્રવિણાબેન બકુભાઈ ગાંધી**
ગામ : સમોડા - અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૭૦૨૬૧૪૧
જન્મ તારીખ : ૧ લી માર્ચ



**જશવંતલાલ પોપટલાલ શાહ**
ગામ : ભાલક- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૯૭૪૭૧૬૫૮૪
જન્મ તારીખ : ૧ લી માર્ચ



**પાર્શ્વ વિશાલકુમાર શાહ**
ગામ : પિંઢારપુરા- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૮૪૯૪૩૮૨૦૭
જન્મ તારીખ : ૧ લી માર્ચ



**ચંદ્રકાંતભાઈ અંબાલાલ શાહ**
ગામ : મણુંદ- મુંબઈ
મોબાઈલ : +૯૧ ૯૮૨૧૭૨૫૩૮૫
જન્મ તારીખ : ૮ માર્ચ




**મોક્ષ શૈલેન્દ્રકુમાર શાહ**
ગામ : ભાલક- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૮૭૮૦૭૬૯૫૬૩
જન્મ તારીખ : ૧૯ મી માર્ચ



**રશ્મિકાંત (રાજેશકુમાર) રમણલાલ શાહ**
ગામ : ગાંભુ- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૬૬૨૩૬૫૪૪૩
જન્મ તારીખ : ૧૯ મી માર્ચ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**છાયાબેન ભાવિકકુમાર શાહ**
અને
**ભાવિકકુમાર પન્નાલાલ શાહ**
લગ્ન તારીખ : ૧ લી માર્ચ
મોબાઈલ : +૯૧ ૯૮૨૫૧૫૭૫૩૪, +૯૧ ૯૯૭૮૮૭૮૭૭૬
ગામ : પીંઢારપુરા-અમદાવાદ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**ગુણવંતીબેન જશવંતલાલ શાહ**
અને
**જશવંતલાલ પોપટલાલ શાહ**
લગ્ન તારીખ : ૪ થી માર્ચ
મોબાઈલ : +૯૧ ૯૯૭૪૭૧૬૫૮૪
ગામ : ભાલક- અમદાવાદ
(લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ )

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**બેલાબેન વિજયકુમાર શાહ**
અને
**વિજયકુમાર કનુભાઈ શાહ**
લગ્ન તારીખ : ૫ મી માર્ચ
મોબાઈલ : +૯૧ ૯૪૨૬૬૩૨૮૯૬, +૯૧ ૯૯૯૮૬૦૨૮૯૬
ગામ : બોરીઆવી- અમદાવાદ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**રીતિકાબેન દર્શિનકુમાર શાહ**
અને
**દર્શિનકુમાર જીતેશભાઈ શાહ**
લગ્ન તારીખ : ૯ માર્ચ
મોબાઈલ : +૯૧ ૯૪૨૮૭૨૨૪૫૦, +૯૧ ૯૪૨૯૩૫૭૦૭૬
ગામ : બોરીઆવી-અમદાવાદ

## ફુટુંબ ગૌરવ

ઋષભજી બોલાવે છે એવા સપનાને સપના આવે છે અંતર્ગત અમારા પરિવારે સપનાના સપનાને સાકાર કરવા શ્રી ભાદરણ નગર જૈન સંઘમાં સામૂહિક વર્ષીતપની આરાધના કરતા ૨૫૦ તપસ્વી રત્નોને પાલીતાણા યાત્રા કરાવવાનો, આદિનાથ દાદાને ભેટવાનો અમારા પરિવારનાં માતૃશ્રી મીનાબેન ચંદ્રકાંતભાઈ શાહ (દેણપ વાળા), સપનાબેન દેવાંગભાઈ શાહ, દેવ અને યાના, પુત્રી સોનુબેન મનીષકુમાર શાહ- જેનિલ સર્વ પરિવારજનોએ નિર્ણય કર્યો

તા. ૬,૭ અને ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ એમ ત્રિ-દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કર્યું તા.૬/૦૨/૨૦૨૬ શુક્રવારે બોરીવલી સ્ટેશનથી પાલીતાણા જવા પ્રયાણ કર્યું, સોનગઢ સ્ટેશને ઉતરી લક્ઝરી બસો દ્વારા ચેન્નાઈ ભુવન ધર્મશાળામાં રોકાણ કર્યું, સવારે પાલીતાણાના તમામ શ્રમણ-શ્રમણી ભગવંતોની વૈયાવચ્ચ કરી, જર્મન સિલ્વર અને કાંસાની થાળીમાં ગાદી તકિયામાં બેસાડી બેસણા કરાવવાની વ્યવસ્થા કરી, ત્યારબાદ વાજતે- ગાજતે શ્રી ગીરીરાજની તળેટીએ પ્રભુ પૂજા કરી, બપોરે ગિરિરાજનાં વધામણાં શ્રી ભાવિકભાઈ મહેતાના સથવારે કર્યા, ત્યારબાદ આરાધકોનું બેસણું, પ્રતિક્રમણ અને રાત્રે પ્રભુ ભક્તિ ભાવના સંગીતના સથવારે કરી, બીજા દિવસે ડુંગર યાત્રા કરી સાંજે ટ્રેન દ્વારા મુંબઈ જવા પ્રયાણ કર્યું.

પરમ કૃપાળુ પરમાત્માની અનંત કૃપાથી પાલીતાણા સંઘનો મંગળ ઉત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થયો.

અમારા ભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ બાબુલાલ શાહે આવું પુણ્યાનુબંધ પુણ્યનું ઉપાર્જન કરતા પુણ્યનું ભાથું બાંધ્યું છે તેની અમો અંતરપૂર્વક અનુમોદના કરીએ છીએ. આનાથી અમારું હૃદય હર્ષિત છે. પ્રભુ આપના પર સદાય આવી જ કૃપા વરસાવતા રહે તેવી મંગલ કામના સહ,

આપનો સ્નેહી પરિવાર
સ્વ.સુમતિલાલ બાબુલાલ શાહ ❁ સ્વ.રસિકભાઈ બાબુલાલ શાહ
સ્વ.વિનોદચંદ્ર બાબુલાલ શાહ ❁ મનુભાઈ બાબુલાલ શાહ
સહ સમગ્ર દેણપ પરિવારજનો










॥ શ્રી જૈન શાસન વિજયતે ॥

## અનુમોદના પત્ર

પરમ સ્નેહી સૌભાગ્યશાળી જમાઈરાજ દેવાંગકુમાર તથા અમારી કુલદીપિકા લાડકી દીકરી સપનાબેન, વહાલા ભાણીયા ચિ. દેવ અને ચિ. યાના

જય જિનેન્દ્ર.

લક્ષ્મીનો સદુપયોગ અને પરમાત્માની ભક્તિ જ્યારે એકસાથે મળે, ત્યારે જ આવા ભગીરથ ધાર્મિક કાર્યો સિધ્ધ થતાં હોય છે. દીકરી અને જમાઈને ધર્મના માર્ગે આટલા આગળ વધતા જોઈને એક મા-બાપ તરીકે અમારું મસ્તક ગર્વથી ઊંચું થઈ ગયું છે.

**માતા-પિતાના આશીર્વાદ અને સંસ્કાર :-** આ ભવ્ય કાર્યોના પાયામાં પૂજ્ય પિતાશ્રી ચંદ્રકાંતભાઈ તથા પૂજ્ય માતૃશ્રી મીનાબેનના આશીર્વાદની સાથે સાથે પિયર પક્ષે પિતાશ્રી જીતુભાઈ અને માતૃશ્રી હંસાબેનના અણમોલ સંસ્કારો પણ રહેલા છે. અમને ગર્વ છે કે, અમારી લાડલી દીકરી સપનાએ પિયરના સંસ્કારોને સાસરીમાં જઈને વધુ દીપાવ્યા છે. દેવાંગકુમારના દરેક ધાર્મિક કાર્યોમાં સપનાએ જે રીતે શક્તિ બનીને સાથ આપ્યો છે, તે વંદનીય છે.

**દેણપ વતન પ્રત્યેનું ઋણ અને શક્તિ ભક્તિઃ-** માદરે વતન દેણપમાં શ્રી સંઘની ઓફિસ અને પૂજારીને રહેવાની રૂમનો લાભ લઈ જન્મભૂમિનું ઋણ અદા કર્યું છે. વિશેષ કરીને, દેણપમાં બિરાજમાન શ્રી અંબાજી માતા પ્રત્યેની આપની જે અતૂટ શ્રદ્ધા છે, તે ભક્તિનું જ પરિણામ છે કે આજે આપનો પરિવાર આટલા સુંદર કાર્યો કરી રહ્યો છે. મા અંબાની કૃપા આપના પર સદાય વરસથી રહે.

પ.પૂ.આ.ભ. રાજરત્ન મહારાજ સાહેબની પાવન નિશ્રામાં ભાદરણ નગર જૈન સંઘ (મલાડ) ખાતે રક્ષણહાર શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ તથા જ્ઞાનની દેવી શ્રી સરસ્વતી માતાજીની દિવ્ય પ્રતિષ્ઠા દ્વારા આપે વિદ્યા અને સંસ્કારનો માર્ગ મોકળો કર્યો છે અને ભંડારનો લાભ લઈ આપે દેવદ્રવ્યની જે સેવા કરી છે તે સરાહનીય છે. શ્રમણ- શ્રમણી ભગવંતો માટે ભાદરણનગર જૈન સંઘમાં ગોચરી ખંડનો ઉત્તમ લાભ લઈ આપે ઉત્તમ વૈયાવચ્ચ કરી છે. તેમજ ભાયંદર સાધુ સાધ્વી ભગવંતોની નિશ્રા અને ધર્મ આરાધના માટે ઉપાશ્રયમાં આપનું અમૂલ્ય યોગદાન છે તે આવનારી પેઢીઓ માટે પ્રેરણા રૂપ બનશે.

પાંચ બસો દ્વારા પરિવારજનોને દેણપ,ભોપાવર મોહનખેડા, માંડવગઢ,ઉજ્જૈન અને નાગેશ્વર જેવા પવિત્ર પંચ તીર્થોની ભાવપૂર્ણ યાત્રા કરાવી તથા શાશ્વત ગિરિરાજની છત્ર છાયામાં પાલીતાણામાં ૨૫૦ જેટલા વર્ષીતપના તપસ્વીઓને યાત્રા તથા બેસણા કરાવી આપે આત્મકલ્યાણનું ભાથું બાંધ્યું છે. વહાલી દીકરી ચિ. યાનાએ નાની ઉંમરમાં "પ્રિયવંદના દાસી" બનીને ગુરુ ભગવંતો તથા ભાદરણનગર સંઘના સભ્યોને મંત્રમુગ્ધ કર્યા હતા અને ભાણીયા ચિ. દેવે જે ઉત્સાહથી ભક્તિનો રંગ જમાવ્યો તે આપના ઉજ્જવળ વારસાની પ્રતીતિ કરાવે છે.

વેવાઈ શ્રી ચંદ્રકાંતભાઈ, વેવાણ શ્રીમતી મીનાબેન,જમાઈ દેવાંગકુમાર, દિકરી સપના, ભાણેજ દેવ, યાના પુત્રી સોનુબેન, જમાઈ મનીષકુમાર, ભાણો જેનીલ સમસ્ત આપનો પરિવાર સદાય દેવ-ગુરુ- ધર્મના શરણમાં રહી, શાસનને દીપાવતા રહો તેવી જિનેશ્વરના ચરણોમાં હૃદય પૂર્વકની પ્રાર્થના.

અસીમ અનુમોદના સહ

લિ. આશીર્વાદ અભિલાષી
ચિ. હાર્દિક, અ.સૌ. હંસા જીતેન્દ્રકુમાર શાહ (બોરીયાવી)
મહેસાણા સમસ્ત પરિવારના જય જિનેન્દ્ર.




# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદના ઉપક્રમે

## સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ સમિતિ આયોજિત

ચાલો, ગહુંલી શીખવા જઈએ.....

કાર્યક્રમ અંતર્ગત તા. ૧૧-૦૨-૨૬ થી તા. ૧૪-૦૨-૨૬ એમ દિવસ-૪ માટે બપોરના ૨.૦૦ થી ૪.૦૦ ગહુંલી શીખવવાનો અને તા.૧૫-૦૨-૨૬ ને રવિવારના રોજ ગહુંલીની સ્પર્ધાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમ અંતર્ગત જ્ઞાતિનાં ૪૯ ભાઈ- બહેનોએ, બાળક થી માંડીને વયોવૃદ્ધ બહેનોએ ગહુંલી શીખવાનો લાભ લીધો હતો.

સમ્યક જ્ઞાન પ્રસાર નિધિ સમિતિનાં કન્વીનર શ્રીમતી અંજનાબેન વિક્રમકુમાર ગાંધી (રણુંજ) અને શ્રીમતી પ્રીતિબેન ભાવેશકુમાર શાહ (ભાલક) એ હૃદયપુર્વક ખુબ જ મહેનત કરીને મોડા સુધી રોકાઈને તાલીમ આપી હતી અને પાંચ દિવસમાં એક પારિવારિક માહોલ ઊભો કર્યો હતો.

ગહુંલી શીખવા માટે રજિસ્ટ્રેશન કરાવનાર તમામ ૪૯ ભાઈ- બહેનોને તેમના જ ફોટોગ્રાફ સાથેનો મોમેન્ટો તૈયાર કરાવીને પ્રોત્સાહન પુરસ્કાર તરીકે આપવામાં આવ્યો હતો.

તાલીમ આપનાર શ્રીમતી અંજનાબેન વિક્રમકુમાર ગાંધી અને શ્રીમતી પ્રીતિબેન ભાવેશકુમાર શાહને પણ ટ્રેઈનર તરીકેનો મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

નિર્ણાયક તરીકે પધારેલા વર્ષીતપનાં તપસ્વી શ્રીમતી વૈશાલીબેન શાહનું પણ સન્માનભેર બહુમાન કરવામાં આવ્યું હતું.

ગહુંલી સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર સુશ્રી પૂજાબેન નિહારકુમાર શાહને પુર્વ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રમોદકુમાર નવનીતલાલ ગાંધીના હસ્તે, દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરનાર સુશ્રી મોક્ષાબેન ભદ્રેશકુમાર શાહને પુર્વ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જશવંતલાલ પોપટલાલ શાહના હસ્તે તથા તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર સુશ્રી રીનાબેન સંજયકુમાર શાહને પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટીશ્રી દિલીપભાઈ ભોગીલાલ શાહના હસ્તે રોકડ પુરસ્કાર આપવામાં આપી સન્માનીત કરવામાં આવ્યા હતા તથા પ્રમુખશ્રી વિજયભાઈ શાહે નિર્ણાયક શ્રીમતી વૈશાલીબેનનું બહુમાન કર્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય કે તૃતિય સ્થાન પ્રાપ્ત કરવા કરતાં પણ તમામ તાલીમાથીશ્રીઓએ ખુબ જ રસપુર્વક ગહુંલી તૈયાર કરી હતી અને એક અદભુત માહોલ ઊભો થયો હતો.

લગભગ ૧૫૦ જેટલા જ્ઞાતિબંધુઓ સતત હાજર રહ્યા તે પણ એક મોટી સફળતા ગણી શકાય. કેટલાક સ્પર્ધકોએ ખુલ્લા મને વિચાર પ્રગટ કર્યા હતા તથા આવા કાર્યક્રમ અવાર નવાર યોજવા પ્રમુખશ્રીને વિનંતી કરી હતી. જેના પ્રતિસાદ રૂપે પ્રમુખશ્રી વિજયભાઈએ અષ્ટ પ્રકારી પુજા માટે, આંગી શણગાર માટે દર ત્રણ માસના અંતરે તાલીમ આપવા આયોજન કરવામાં આવશે તેમ જણાવેલ અને સાથોસાથ પાઠશાળાની પ્રવૃત્તિઓ વધુ વેગવંતી બનાવવા આ રીતે જ ઉત્સાહપુર્વક હાજરી આપવા અને ધાર્મિક શિક્ષણનો લાભ લેવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમ સફળ બનાવવામાં માનદ્ મંત્રી શ્રી ભાવેશકુમાર એમ. શાહ, સહ કન્વીનર શ્રી નિતિનભાઈ રીખવચંદ શાહ અને શ્રીમતી આશાબેન રમેશકુમાર શાહે તમામ પાંચેય દિવસ વ્યવસ્થા જાળવવા ખુબ જ મહેનત કરી અમુલ્ય ફાળો આપ્યો હતો.

મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બકુભાઈ સી. ગાંધી અને પ્રમુખશ્રી વિજયભાઈ કે. શાહે તમામ રીતે મજબુત પીઠબળ પુરૂ પાડી કાર્યક્રમને સફળ બનાવવામાં પાયારૂપ રહ્યા હતા. કારોબારીગણના માનનીય ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી દેવલબેન શાહ અને કારોબારીગણના સભ્યશ્રીઓએ પણ હાજર રહી પ્રોત્સાહન આપી પુરસ્કાર વિતરણ કામગીરી સંભાળી હતી.

કાર્યક્રમના અંતે માનદ્ મંત્રી શ્રી ભાવેશકુમાર એમ. શાહે અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરી હતી.


પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતા


પ્રથમ વિજેતા સુશ્રી પૂજાબેન નિહારકુમાર શાહ (પિંઢારપુરા)


દ્વિતિય વિજેતા મોક્ષાબેન ભદ્રેશકુમાર શાહ (વડાવલી)


તૃતિય વિજેતા સુશ્રી રીનાબેન સંજયકુમાર શાહ (પિંઢારપુરા)


નિર્ણાયક શ્રીમતિ વૈશાલીબેન શાહ


ગહુંલી સ્પર્ધા કાર્યક્રમ ના આયોજકો તથા વિજેતા સ્પર્ધકો


ગહુંલી કાર્યક્રમમાં ભાગ લેનાર સ્પર્ધકો


ગહુંલી સ્પર્ધાને નિહારતા જ્ઞાતિજનો




















# શ્રી સુડતાળીસ જૈન જ્ઞાતિ મહિલા મંડળ, પૂના

ઈસવીસન ૧૯૮૬ માં સ્થપાયેલ શ્રી સુડતાળીસ જ્ઞાતિ મહિલા મંડળ, પુના એ પોતાના અવિરત કાર્યકાળના ચાલીસ વર્ષ પૂર્ણ કરેલ છે. સફળ સફરનાં આ મહત્વપૂર્ણ પડાવ ને ઉપલબ્ધિ રૂપે ઉજવતાં સફળ સફર ના ચાલીસ વર્ષ - શીર્ષક હેઠળ એક અનોખા કાર્યક્રમનું આયોજન કરાયું હતું.“આ પ્રસંગે પૂના મંડળના પ્રમુખ શ્રીસુધીરભાઈ ઈશ્વરલાલ શાહ ઉપપ્રમુખ શ્રી બિપિનભાઇ શાંતિલાલ શાહ તથા માંનદ મંત્રી શ્રી યોગેશભાઈ ચીમનલાલ શાહ તથા શ્રી હર્ષદભાઈ સેવંતીલાલ શાહ નું સુકૃત બહુમાન કરવામાં આવ્યું“મહિલામંડળ ના ૪૧ વર્ષ ના સફળ પદાર્પણ નિમિતે શ્રી સુધીરભાઈ ઇશ્વરલાલ શાહ રૂ ૫૧૦૦૦, શ્રી સુડતાળીસ જૈન જ્ઞાતિ મંડળ પૂના રૂા. ૪૧૦૦૦, શ્રી બીપીનભાઇ શાંતિલાલ શાહ તરફથી રૂા.૨૧૦૦૦/- ભેટ મળ્યાં છે મંડળ તરફથી ખૂબ ખૂબ અનુમોદના “આર્ય સંસ્કૃતિ ના સોળ સંસ્કારો માંહે ના એક મહત્વપૂર્ણ - લગ્ન સંસ્કાર નું સ્વરૂપ, મહત્વ અને દરેક વિધિ પાછળ નું રહસ્ય જણાવતાં શ્રીમતી બિંદુબહેને તેમના સુરાવલિ ગ્રુપ સાથે સુંદર સંગીતમય રજુઆત પ્રસ્તુત કરી. નાણાવટી રે સાજન બેહું માંડવે- શીર્ષક હેઠળ આ કાર્યક્રમ માં ગણેશજીની સ્થાપના થી લઈને કન્યા વિદાય સુધીની વિધિ બતાવવામાં આવી.વર અને વધૂ તરીકે અનુક્રમે શ્રીમતી નિશાબહેન તથા શ્રીમતી નયનાબહેને ઉત્તમ ભાગ ભજવ્યો.“કાર્યક્રમના ઉદ્ઘોષક તરીકે શ્રીમતી રચનાબહેને સેવા આપી.તેમજ પ્રમુખ શ્રીમતી વીણાબહેન ના પ્રાસંગિક પ્રવચન ને સૌએ પ્રેમથી બિરદાવ્યું.સ્વાદિષ્ટ પ્રીતિભોજન સાથે આ રંગારંગ કાર્યક્રમ નું સમાપન થયું.

આભાર - નિહારીકા રવિયા



પ્રમુખ શ્રીમતી વીણાબેન દ્વારા પ્રાસંગિક રજૂઆત



કાર્યક્રમ ના ઉદ્ઘોષક શ્રીમતી રચનાબેન



મહિલા કારોબારી સભ્યો



દીપ પ્રજ્વલન



સાજન માજન સાથે જાનનું આગમન



જાન પ્રસ્થાન





મહિલામંડળ વતી મોટા મંડળના પ્રમુખશ્રી તથા ઉપપ્રમુખશ્રી નું બહુમાન



અતિમનોરંજક કાર્યક્રમ પીરસતા શ્રીમતી બિંદુબેન અને સુરાવલી ગ્રુપ



કાર્યક્રમ નિહાળતાં જ્ઞાતિનાં બહેનો



કાર્યક્રમ ને રસપૂર્વક નિહાળતા ભાઇઓ



સતત ચાલીસ વર્ષથી સક્રિય કારોબારી સભ્ય
શ્રીમતી સરલાબહેન તથા શ્રીમતી ગીતાબહેન નું બહુમાન



નવ વધુની પધરામણી



“ વર - વધુ “ ચિ. નિશિતકુમાર તથા સૌ.કાં. નયનામતી



કાર્યક્રમ ના આગલા દિવસે શ્રીમતી વીણાબહેન તરફથી પંચકલ્યાણક પૂજા

# શ્રી સુડતાલીસ જૈન જ્ઞાતિ મંડળ, પૂના

## ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન ૨ માં નીચે પ્રમાણે ટીમોએ ભાગ લીધો હતો

**ક્રિકેટ ટુર્નામેન્ટ ના મેન સ્પોન્સર**
**શ્રી સુધીરભાઈ ઇશ્વરલાલ શાહ (ભાલક)**

આર્મ્સ નાઇટ રાઇડર્સ ના ઓનર
શ્રી સંદીપભાઈ ભોગીલાલ શાહ (ભાલક)

મનસુખલાલ રોયલ્સ ના ઓનર
શ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ શાહ (ગાંભુ)

ક્રિટી કેર ચેલેન્જર ના ઓનર
શ્રી દીપકભાઈ કાંતિલાલ શાહ (દેણપ)

ટુર્નામેન્ટમાં લગભગ ૨૫૦ જ્ઞાતિ જનો, જ્ઞાતિ ના યુવાનો અને યુવતીઓએ ખુબજ સારી રીતે રમીને ક્રિકેટ માણ્યું હતું અને આનંદ લીધો હતો ટુર્નામેનટ સવારે ૯ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી ચાલી હતી પૂરા દિવસ દરમિયાન સવારે નાસ્તો બપોરે જમણ અને રાત્રે ભોજન રાખવામાં આવ્યું હતું



















### બેનર્સના લાભાર્થી



| | |
|---|---|
| શ્રી રમણીકલાલ મનસુખલાલ શાહ | શ્રી અભયભાઈ રતિલાલ શાહ |
| શ્રી બાબુલાલ હરગોવનદાસ શાહ | શ્રી શૈલેષભાઈ ચંદુલાલ શાહ |
| શ્રી સરલાબેન ઇશ્વરલાલ શાહ | શ્રી તનેશભાઈ ઉત્તમચંદ શાહ |
| શ્રી વિમળાબેન મંગળદાસ શાહ | શ્રી દિલીપભાઈ મંગળદાસ શાહ |
| શ્રી પુષ્પાબેન જયંતિલાલ શાહ | શ્રી કેતનભાઈ પ્રફુલભાઈ શાહ |
| શ્રી મનીષભાઈ જયંતિલાલ મેહતા | શ્રી દિનેશભાઈ વાડીલાલ શાહ |





પુણેરી પલટન મહિલા ટીમના ઓનર
શ્રી સુડતાલીસ જ્ઞાતિ મહિલા મંડળ (પૂના)

એન્જલ વોરિયર મહિલા ટીમના ઓનર
એક સદગ્રહસ્થ

સુપર ઇન્ફિનિટી સ્મશેર્સ મહિલા ટીમ ના ઓનર
શ્રી કિરણભાઈ નરોત્તમદાસ શાહ (મણુંદ)

ઇપીઓન ફાર્મા કિંગ્સ ના ઓનર
શ્રી વિપુલભાઈ પંકજભાઈ શાહ (મણુંદ)

પ.પી પી શાહ કે ટાઇટન્સ ના ઓનર
શ્રી વિશાલભાઈ જીતુભાઈ શાહ (દેણપ)

સપ્તસુર સુપર કિંગ્સ ના ઓનર
નારીરત્ન
શ્રીમતી સુલોચનાબેન રમણલાલ શાહ (દેણપ)

## ક્રિકેટ ટુર્નામેન્ટ માં સહકાર આપવા માટે બધાનો ખુબ ખુબ આભાર.




















### બેનર્સના લાભાર્થી



| | |
|---|---|
| શ્રી અલ્પાબેન સંદીપભાઈ શાહ | શ્રી શાંતિલાલ ચિમનલાલ શાહ |
| શ્રીઅનિલભાઈ કેશવલાલ ગાંધી | સમાજરત્ન અરવિંદભાઈ કાંતિલાલ શાહ |
| શ્રી કોકિલાબેન સુરેન્દ્રકુમાર શાહ | શ્રી જયંતિલાલ ડોસાલાલ શાહ |
| શ્રી ચીમનલાલ તલકચંદ શાહ | શ્રી કંચનબેન ધુલિદાસ શાહ |
| શ્રી સેવંતીલાલ પ્રભુદાસ શાહ | શ્રી અશોકભાઈ સોમચંદ શાહ |
| શ્રી મહેન્દ્રભાઈ માણેકલાલ શાહ | |



## ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન ૨ માં સહકાર આપવા માટે બધાનો ખુબ ખુબ આભાર

# ઉનાવા નગરે સાલગીરી પ્રસંગે અનુમોદના

પરમપૂજ્ય પ્રશાંતમૂર્તિ તપ્પાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ મનોહરકીર્તિસાગરસૂરી મ.સા.ના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી ઉદયકીર્તિ સાગરસૂરી મ.સા. ના શિષ્યરત્ન મધુરવકતા શ્રી મહાવિદેહ તીર્થધામ (નવાબબલપુરા) ના માર્ગદર્શક પૂજ્ય મુનીવર્યશ્રી વિદ્યોદયકીર્તિ સાગરજી મ.સા. તથા આદીઠાણાના ના સોહામણા સાનિધ્યમાં ઉનાવા નગરે સં. ૨૦૮૨ ફાગણ સુદ- ૩ ને શુક્રવાર તા.૨૦ .૦૨ .૨૦૨૬ ના રોજ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ, શ્રી આદેશ્વરદાદા, શ્રી કલ્યાણ પાર્શ્વનાથદાદા તથા મીની શ્રી શંત્રુજ્ય પર્વત સંકુલની સાલગીરી સંઘમાં આનંદ અને ઉત્સાહથી ઊજવવામાં આવી.

## સાલગીરી ઉજવણીના લાભાર્થી પરિવાર

**(૧) અઢાર અભિષેકના લાભાર્થી :-**
કમળાબેન ચીમનલાલ શાહ પરિવાર (આંબેગામ ,પૂના,મુંબઇ)
હસ્તે : શ્રી ગૌતમભાઈ ચીમનલાલ શાહ (મુંબઇ)

**(૨) સવારે નવકારશીના લાભાર્થી :-**
સ્વ. કાન્તાબેન બાબુલાલ શાહ (ગાંધી આશ્રમ ,ઝીલીયવાળા)
હસ્તે : શ્રીમતી મૃદુલાબેન વિક્રમભાઈ બાબુલાલ શાહ (મહેસાણા હાલ : મુંબઇ)

**(૩) સાંજે ચોવિહારના લાભાર્થી :-**
કમળાબેન ચીમનલાલ શાહ પરિવાર (આંબેગામ ,પૂના,મુંબઇ)
હસ્તે : શ્રી ગૌતમભાઈ ચીમનલાલ શાહ (મુંબઇ)

**(૪) શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ધ્વજારોહણ :-** શેઠશ્રી અમૃતલાલ જેઠાલાલ શાહ પરિવાર(પૂના)

**(૫) શ્રી આદેશ્વરદાદા ધ્વજારોહણ :-** શેઠશ્રી જગજીવનદાસ મૂળચંદદાસ શાહ પરિવાર

**(૬) શ્રી કલ્યાણ પાર્શ્વનાથદાદા ધ્વજારોહણ :-** શ્રીમતી જ્યોતિબેન બીપીનચંદ્ર હિરાલાલ શાહ પરિવાર (મલાડ : મુંબઇ)

**(૭) શ્રી શંત્રુજ્યાવતાર તીર્થ સંકુલ ધ્વજારોહણ :-**
(અ) કાનુંગા જમનાબેન ચંપાલાલ બોથરા (સાંચોરવાળા)
હસ્તે : શેઠશ્રી ભંવરલાલ ચંપાલાલ કાનુંગા (ઊંઝા)
(બ) શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ પરિવાર
કુંભારિયાપાડો(પાટણ), ખાડિયા(અમદાવાદ)
હાલ નિવાસી, ચોપાટી (મુંબઇ-૭ )
(ક) શાંતાબેન નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ પરિવાર
હસ્તે : કીર્તિ, અશ્વિન, રમેશ, સુલોચના, ભારતી

**(૮) પ્રભાવનાના લાભાર્થી :-**
લાડવાની પ્રભાવના - મમતાબેન સુરેશચંદ્ર રતીલાલ શાહ પરિવાર (વાપી)
દેવડા ની પ્રભાવના - અમૃતલાલ જેઠાલાલ શાહ પરિવાર (પૂના)
દેવડા ની પ્રભાવના - શ્રીમતી જ્યોતિબેન બીપીનચંદ્ર હિરાલાલ શાહ પરિવાર(મલાડ : મુંબઇ)

**(૯) સં. ૨૦૮૩ ના ફાગણ સુદ ૩ :-** શ્રી કલ્યાણ પાર્શ્વનાથદાદા ધ્વજા રોહણ ના લાભાર્થી
૩,૧૧,૦૦૦/- ઇન્દુમતિબેન સેવંતીલાલ શાહ (ભાલક હાલ મુંબઇ)

**(૧૦) સને ૨૦૨૬ -૨૦૨૭ ના પૂજારી પગાર ના લાભાર્થી :-**
૧,૧૭,૦૦૦/- શાહ યોગેશકુમાર ઈશ્વરલાલ હરગોવનદાસ (પૂના)
જૈનમ યોગેશભાઈ ,વંશિતા જૈનમ, નીશા યોગેશભાઈ (પૂના)

**(૧૧) અખંડ દિપક કાયમી લાભાર્થી :-**
૫૫,૫૩૧/- અ. સૌ. ફાલ્ગુનીબેન મયંકકુમાર રજનીકાંત શાહ (મુંબઇ) ધ્રુવી ,અવી



**(૧૨) વાર્ષિક કેસર ના લાભાર્થી :-**
સ્વ.વાડીલાલ મોહનલાલ શાહ હસ્તે :- વિમળાબેન નવીનચંદ્ર વાડીલાલ શાહ પરિવાર (અમદાવાદ)



**(૧૩) શ્રી સાધારણ ખાતા ની ટીપ ના લાભાર્થી :-**
૯૦,૦૦૦/- શ્રીમતી દિવ્યાબેન હસમુખલાલ હિરાલાલ શાહ (મલાડ ,મુંબઇ)
૩૧,૦૦૦/- શ્રી મહાવીરચંદ પુખરાજજી જૈન આહોરવાળા, ઊંઝા (મહાવીર ફેક્ટરી, ઉનાવા)
૨૧,૦૦૦/- શ્રીમતી યોગીનીબેન હરેશભાઈ શાંતિલાલ શાહ (ઉનાવા હાલ : મહેસાણા)
૧૧,૧૧૧/- શ્રીમતી સોનલબેન મુકેશકુમાર સુમતીલાલ શાહ (ઉનાવા હાલ : અમદાવાદ)
૧૧,૧૧૧/- શ્રીમતી ભગવતીબેન ચંદુલાલ છનાલાલ શાહ (મહેસાણા)
૧૧,૦૦૦/- શ્રીમતી શારદાબેન કિર્તીકુમાર બાબુલાલ ચુનીલાલ શાહ (સૈરૈયા) મલાડ,મુંબઇ
૧૧,૦૦૦/- શ્રીમતી હેમાબેન દીનેશકુમાર કાંતિલાલ શાહ (મહેસાણા)
૧૧.૦૦૦/- શ્રી ગીરીશકુમાર કાંતિલાલ કેશવલાલ શાહ (કૃષ્ણનગર, અમદાવાદ)
૧૧,૦૦૦/- શ્રીમતી મમતાબેન દીપકભાઈ ચંપકલાલ શાહ (મહેસાણા)
૧૧,૦૦૦/- શ્રીમતી કાનુંગા જમનાબેન ચંપાલાલ બોથરા (સાંચોરવાળા હાલ : ઊંઝા )
૧૧,૦૦૦/- શ્રીમતી સુમનબેન રાજુભાઇ જૈન (ઉનાવા)

**(૧૪) અનુમોદના :-**
શેઠશ્રી જગજીવનદાસ મૂળચંદદાસ શાહ પરિવાર ના વડીલોએ આજથી અંદાજે ૧૫૦ વર્ષ પહેલા સોનાની કંઠી (અંદાજે ૩૪ તોલા) શ્રી ભીડભંજન પાર્શ્વનાથદાદા ને ઉનાવા ચઢાવેલ અને છેલ્લા ૭૫ વર્ષ થી શેઠશ્રી જગજીવન મૂળચંદદાસ શાહ પરિવારે શ્રી ઉનાવા સંઘ વતી સાચવેલ તે કંઠી ઉનાવા સંઘ ને સુપ્રત કરેલ છે તે માટે શ્રી ઉનાવા જૈન સંઘ તેઓનું ખૂબ ખૂબ અનુમોદન કરેછે . ઉનાવાના બહાર ગામ રહેતા પરિવારો મોં થી સારી એવી સંખ્યા મોં સભ્યોએ સાધરણ સભા મોં હાજર રહી સંઘ ની પ્રવુત્તિ અને પ્રગતિ માટે ચર્ચા - વિચારણા કરી “““આ પ્રસંગ ને ને સફળ બનાવવામોં ઉપરના લાભાર્થી પરિવારો , સંઘ ના બહારથી તથા ગામના ભાઈઓ અને બહેનો તથા અમદાવાદ થી બસ લાવવાનું આયોજન કરનાર **શ્રી મુકેશભાઇ સુમતીલાલ શાહ** તથા **અમારા ટ્રસ્ટી ગણ** નું શ્રી ઉનાવા સંઘ વતી ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.







લી.
શ્રી પ્રવીણચંદ્ર છનાલાલ શાહ - મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ચંદ્રકાંત રમણલાલ શાહ (ટ્રસ્ટી) - શ્રી હરેશભાઈ શાંતિલાલ શાહ (ટ્રસ્ટી)
શ્રી દીપકભાઈ ચંપકલાલ શાહ (ટ્રસ્ટી) - શ્રી વિક્રમભાઈ બાબુલાલ શાહ (ટ્રસ્ટી)



## સંપાદકિય લેખ

# શાંતિમાં જીવો, સંતોષથી જીવો

પરમાત્મા કહે છે... જીવનમાં જે મળી રહ્યું છે તેને પ્રેમથી સ્વીકારો. જે માણસ આવું કરી શકે છે તેનાં જીવનની શાંતિ ક્યારેય ભંગ નથી થતી. જે મળી રહ્યું છે તેથી વધુ પામવાની ઈચ્છા રાખવાથી જ જીવનમાં અશાંતિ પ્રવેશે છે. તે મેળવવાની ચાહના એ જ દુઃખોનું મૂળ છે. આજે ભોજન મળી ગયું તો પ્રભુની કૃપા અને ન મળ્યું તો પણ એની કૃપા. માનવી આટલું જ વિચારે કે હાલમાં જે મળી રહ્યું છે તેનો પ્રેમથી સ્વીકાર કરી રહ્યો છું. તો શાંતિનો ક્યારેય ભંગ નહીં થાય. માણસ કહે છે કે તેને શાંતિની શોધ છે. તદ્દન ખોટું. ખરેખર તો માણસ અશાંતિને શોધે છે. એ અશાંત છે, દુઃખી છે, જરૂરથી વધારે પૈસાવાળા, મોટી-મોટી કોઠીઓવાળા અશાંત છે. છતાં માનવી મોટા મહેલોના સર્જનમાં લાગ્યો છે.

માનવી કામ તો બધા અશાંતિ પામવાના કરે છે, અને કહે છે કે શાંતિ મેળવવા કામ કરું છું. શાંતિ જોઈતી હોય તો મારી પાસે આવો, હું તમને સૂત્ર આપીશ. પણ ઈમાનદારી સાથે આવજો. પોતાનો અહં ઘરે મૂકીને આવજો. ફક્ત સાંભળવા મારી પાસે ન આવતા. હું જે કહીશ તેને આચરણમાં મૂકવા આવજો. નહીંતર અહીં આવવું સાર્થક નહીં થાય. શાંતિ મેળવવાના ઘણા માર્ગો છે. પણ તમે તેના પર ચાલવા જ નથી માગતા, તમારા બધાં કર્મો તો અશાંતિને આમંત્રણ આપનારાં છે.

**સંતોએ કહ્યું કે ક્ષમામાં જીવો, શાંતિમાં જીવો, સંતોષથી જીવો, પણ તમે એવું નથી કરતા. તમે વેર-વૈમનસ્યથી જીવો છો. માનવી ક્ષમા અને શાંતિની ગંગામાં નહાવા માંગતો જ નથી.**

તે ગુસ્સાના અગ્નિમાં સળગતો રહે છે. શાંતિ તમારી સામે છે. તમે હાથ લાંબો કરી તેને પોતાની જાતમાં આત્મસાત કરી શકો છો, પણ તમે તેમ નથી કરતા. કોઈએ તમારા હાથ પણ પકડી નથી રાખ્યા. બસ તમારું મન જ એવું છે કે એ તમને એવું કરવા નથી દેતું. પહેલાં મનને તો શાંત કરો. શાંતિ તો આપ મેળે જ તમારી અંદર ઊતરતી જશે.

કાર્ય તો બધાં અશાંતિના કરીએ છીએ અને ઈચ્છીએ છીએ કે શાંતિ મળે. કેવી રીતે શક્ય બને ? આપણે ભગવાનને મેળવવા માંગીએ છીએ પણ તેના માટે પ્રામાણિકતાથી પ્રયત્ન નથી કરતા. તેનું પરિણામ એ આવે છે કે માનવી ભલે ઉપર-ઉપરથી કહી દે કે એ શાંતિ મેળવવા માંગે છે પણ વાસ્તવિકતા જુદી જ હોય છે. વ્યક્તિ સ્વર્ગ પામવાની ઈચ્છા રાખે છે પણ કાર્યો એવાં કરે છે કે નરક મળે છે. અવળી ગંગા કઈ રીતે વહે ? ગંગા તો ગોમુખથી ગંગાસાગર સુધી જ વહેશે. તેને ગંગાસાગરથી ગોમુખ સુધી વહેડાવશો તો જખમી થશો.

જરા વિચાર તો કરો! માણસ કામ બધાં ખોટા કરે છે. એ ગુસ્સામાં, વેરમાં, રાગ-દ્વેષમાં જીવ્યા કરે છે. બધો પૈસો પોતાની તિજોરીમાં સંગ્રહવા ઈચ્છે છે. તેમાં છતાં કહો છો કે શાંતિની શોધ છે. કેટલું જૂઠું કહો છો. કર્મો બધાં સજા મળવાનાં છે અને ઈનામની રાહ આવીને કહો છો કે જીવનમાં શાંતિ નથી. તે માણસ ખોટું બોલે છે. મનમાં સમજે છે કે અશાંતિ મળશે. છતાં જૂઠું બોલે છે, ચોરી કરે છે, એ લોભ કરે છે, માયામાં જીવે છે. એને ખબર છે કે આવું કરવાથી અશાંતિ મળશે. છતાં કર્યા જ કરે છે.

માનવીના જીવનમાં મોટું અસમતોલપણું છે. એ સો વાર ગુસ્સો કરે છે, ત્યારે એક વાર તેના મનમાં ક્ષમાના ભાવ આવે છે. હજાર વખત એ કાદવમાં જાય છે, ત્યારે એક વખત ગંગાસ્નાન કરે છે. આવો માનવી પવિત્ર કેવી રીતે થઈ શકશે ? જીવો છો વેર, વૈમનસ્ય, ઈચ્છા, તૃષ્ણા, વાસના અને કામનામાં, પછી મને આવીને કહો છો કે શાંતિ નથી મળતી. હકીકતમાં, આપણે શાંતિ માટેના કામ નથી કરી રહ્યા.

**બકુભાઈ સી. ગાંધી (સમોડા) - સંપાદક • રમેશભાઈ સી. (કમાણા) - સહ સંપાદક**

## સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૭૫૦૦/-**



સ્વ.પૂજ્ય ઈન્દુબેન બચુભાઈ શાહ
(મણુંદ નિવાસી હાલ અમદાવાદ)

સ્વર્ગસ્થ પૂજ્ય ઈન્દુબેન બચુભાઈ શાહ (મણુંદ નિવાસી હાલ અમદાવાદ) ની પુણ્યસ્મૃતિમાં, તેમના પુત્ર મનોજભાઈ– પુત્રવધૂ હેમાબેન, પુત્ર સંજયભાઈ– પુત્રવધૂ લોપાબેન અને પુત્રી બેલાબેન જયેશકુમાર ગાંધી દ્વારા અમદાવાદ જ્ઞાતિ મંડળના 'સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ' માં રૂ. ૭૫૦૦/– નું અનુદાન આપી માતૃઋણ અર્પણ કરવામાં આવ્યું છે. હિંમત, સમર્પણ, સરળ, કુટુંબ વાત્સલ્ય અને કરુણાની પ્રતિમૂર્તિ સમાન સ્વ. ઈન્દુબેનનું જીવન પરોપકાર અને ધર્મભાવનાથી મહેકતું રહ્યુ છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ આ ધર્મપ્રિય આત્માને પરમ શાંતિ અર્પે આવી પ્રાર્થના કરે છે અને દાતા પરિવારની આ ઉમદા ભાવનાની હૃદયપૂર્વક ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

### ધાર્મિક સમાચાર

❁ ઉનાવા મુકામે ફાગણ સુદ ૩ ને શુક્રવાર તા. ૨૦.૦૨.૨૦૨૬ ના રોજ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલય ની ૨૦૧ મી સાલગીરી પ્રસંગે પરમપૂજ્ય પ્રશાંતમૂર્તિ તપ્પાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ મનોહરકીર્તિસાગરસૂરિ મ. સા.ના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી ઉદયકીર્તિસાગરસૂરિ મ.સા. ના શિષ્યરત્ન મધુર વક્તા શ્રી મહાવિદેહ તીર્થ (નવા બબલપુરા) ના માર્ગદર્શક પૂજ્ય મુનિવર્ય શ્રી વિદ્યોદયકીર્તિસાગરજી મ. સા.તથા આદિઠાણા ના સોહામણા સાંનિધ્યમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ, શ્રી આદેશ્વર ભગવાન,શ્રી કલ્યાણ પાર્શ્વનાથ દાદા તથા મીની શ્રી શત્રુંજય પર્વત સંકૂલ ની સાલગીરી સંઘમાં આનંદ અને ઉલ્લાસપૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવી. ફાગણસુદ–૨ ને ગુરુવાર ને તા.૧૯.૦૨.૨૬ ના રોજ ભવ્યાતિભવ્ય અઢાર અભિષેક રાખવામાં આવેલ ત્યાર બાદ સાલગીરી ના દિવસે સવારે સેવાપૂજા અને નવકારસી બાદ પૂજ્ય ગુરુભગવંતનુ પ્રસંગને અનુરૂપ માર્મિક પ્રવચન થયું તેમાં આગામી સાલગીરી માટે તથા સાધારણ ખાતાની બોલી બોલવામાં આવી તેમાં ભક્તજનોએ દિલ ખુલ્લા મૂકીને લાભ લીધો ત્યાર બાદ વિજયમુર્હુતે ધ્વજારોહણ ની વિધિ આનંદ ઉલ્લાસ સાથે સંપન્ન થઈ તેમજ બપોરે જનરલ સભામાં આગામી સાલગીરી બાબતે વિસ્તૃત ચર્ચા થઈ ત્યારબાદ ઉનાવા ની મુલાકાત લઈ કુળદેવી શ્રી ભદ્રકાલી માતા તથા હનુમાનજી દાદા ના દર્શન બાદ સૌ ભક્તજનો એ ચૌવિહાર બાદ ઉત્સાહભેર આરતી મંગળદીવા નો લાભ લીધો ત્યારબાદ સૌ પોત પોતાના ઘર માટે આગામી સાલગીરીમાં હાજરી આપવાની શુભેચ્છા સહ સૌ પરત ફર્યા. આ પ્રસંગે વધુમાં વધુ સભ્યો હાજર રહી શકે અને આવવા – જવામાં સુગમતા રહે તે હેતુથી અમદાવાદ થી ઉનાવા માટે એક બસનુ સુંદર આયોજન કરવામાં આવેલ. શ્રી ઉનાવા સંઘ સર્વે લાભાર્થી પરિવારો, બહારથી આવેલ ગામના ભાઈ બહેનો તથા વ્યવસ્થાના ભાગરૂપે સહાયક તમામ આયજકોનું અનુમોદન કરે છે.

## મેડિકલ સહાય ક્ષેત્રે દાન- ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



શ્રીમતી વસુમતીબેન કેશવલાલ ગાંધી
(રણુંજ-હાલ:અમદાવાદ)

શ્રી કમલેશભાઇ કેશવલાલ ગાંધી એ (રણુંજ–હાલ અમદાવાદ ) તેમના સ્વ. માતુશ્રી વસુમતીબેન ના આત્મશ્રેયાર્થે અમદાવાદ જ્ઞાતિ મંડળ ના મેડિકલ સહાય ક્ષેત્રે રુ . ૨૧૦૦૦/– નુ દાન આપી ને માતૃઋણ અદા કર્યું છે. સદગત વસુમતીબેન પરોપકારી,પ્રેમાળ,સરળ સ્વભાવી હતા. પૂ.સાધુ – સાધ્વી ભગવંતોની ખૂબ ભાવથી વૈયાવચ્ચ કરતાં. કુટુંબ વ્યવસ્થામાં સમર્પિત ભાવે યથાશક્તિ સહયોગ આપતા. સ્વ, માતુશ્રીએ પરિવારજનોને આપેલ ધાર્મિક સંસ્કારો,કરુણા ભાવ નો અમૂલ્ય વારસો છે અને સન્માર્ગ ની સતત પ્રેરણા આપે છે તેમના અનંત ઉપકારોના ઋણી એવા શ્રી કમલેશભાઇ રબર પાર્ટસ નો વ્યવસાય કરે છે અને તેમના ધર્મપત્ની શ્રીમતી કલ્પનાબેન ના સાથ સહકારથી તેઓ ઉત્તરોતર પ્રગતિ કરી શકયા છે તેમના સુપુત્ર ચિ. નિશિત અને પુત્રવધૂ વૃતિબેન નો સત્કાર્યોમાં સહયોગ રહ્યો છે. તેમના સુપુત્રી ચિ. માનસી પ્રીતકુમાર છે ભાઈઓમાં શ્રી ભરતભાઇ, શ્રી અનિલભાઈ અને શ્રી મયુરભાઈ છે અને બહેનોમાં રંજનબેન, ગીતાબેન અને જ્યોત્સનાબેન છે અમદાવાદ જ્ઞાતિ મંડળ આ પરિવારનો ખૂબ ખૂબ આભાર માને છે.

### ધાર્મિક સમાચાર

❁ ખરોડ મુકામે શ્રી શાંતીનાથ ભગવાન ૧૦૭મી ધ્વજાનો પ્રસંગ સંવત ૨૦૮૨, મહાસુદી ૧૩ શુક્રવાર, તા.૩૦–૦૧–૨૦૨૬ના રોજ પરમ પૂજ્ય પન્યાસ શ્રી તારકચંદ્ર સાગરજી આદિઠાણાની નિશ્રામાં તથા ૧૭૫ વ્યક્તિની ઉપસ્થિતીમાં ખૂબ જ આનંદ ઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો. આગળના દિવસે ૧૮ અભિષેક રાખવામાં આવેલ. તા.૩૦–૦૧–૨૬ના ધ્વજાના પ્રસંગે સત્તરભેદી પૂજા, સવારે નવકારશી તથા બપોરે પ્રિતી ભોજનનો લાભ આવનાર સભ્યોએ લીધો. બન્ને દિવસનો લાભ માતુશ્રી વિમળાબેન ઉત્તમભાઈ શાહ તથા માતુશ્રી મંગુબેન મુલચંદ શાહ (ખરોડ) પરિવારે લીધો. સંઘ તેમની ખુબ જ અનુમોદના કરે છે. ધ્વજાના દિવસે લાભાર્થી પરિવાર દ્વારા પ્રભુજીનો સોનાનો નવલખો હાર, ચાંદીની ૮૧ ગીની તથા ચાંદીના ચોખાથી વધાવી ભેટ અર્પણ કરેલ છે. આવનારને ઘર દીઠ પૂજાની થાળી–વાટકીની પ્રભાવના કરવામાં આવી. આખા દિવસ દરમ્યાન સંગીતકાર શ્રી હિરેનભાઈ વ્યાસે સંગીતની રમઝટથી સર્વેને પ્રભુભક્તિમાં લીન કરી દીધા હતા.

❁ મહેસાણાના મંત્રીશ્રી આશિષભાઈ જે. શાહે જણાવેલ છે કે શ્રી મહેસાણા સુડતાલીસ જ્ઞાતિ પરિવાર મહેસાણા દ્વારા તા. ૨૨/૦૨/૨૦૨૬ ને રવિવારના રોજ દેણપ મુકામે શ્રી આદિશ્વર દાદાના સાનિધ્યમાં શ્રી શક્રસ્તવ અભિષેક તથા સ્નાત્રપુજાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી શક્રસ્તવ અભિષેક અને સાધર્મિક ભક્તિનો લાભ દેણપ નિવાસી શેઠ શ્રી બાબુલાલ તલકચંદ શાહ પરિવારે લીધો હતો. શ્રી જિતેન્દ્રકુમાર બાબુલાલ શાહ (પ્રમુખ શ્રી) ના માર્ગદર્શન હેઠળ શ્રી મહેસાણા જ્ઞાતિ પરિવાર દ્વારા ધાર્મિક સંસ્કારોની જાળવણી માટે દર મહિને આવા ધાર્મિક કાર્યક્રમના આયોજનની છે. સૌપ્રથમ શરૂઆત ૧૦૮ પાર્શ્વનાથ પરિપૂજિતાય શ્રી ગંભીરા પાર્શ્વનાથ દાદાના પાવન સાનિધ્યમાં ગાંભુ મુકામે કરવામાં આવી હતી. ત્યારબાદ બાદ શ્રી નેમિનાથ દાદાના ધામે શ્રી વાલમ તીર્થ અને ઉનાવા મુકામે પણ ભક્તિપુર્ણ આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું. આવા ધાર્મિક કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન યુવા વર્ગ દ્વારા સંભાળવામાં આવે છે જે ખુબ જ પ્રશંસનીય છે.

# શ્રી મહેસાણા પ્રાંત  જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ



## અમદાવાદ મહિલા મંડળ ના ઉપક્રમે
## Woman's Day નિમિતે




તા.૧૨.૦૩.૨૬, ગુરૂવાર
સ્થળ : વાસણા, જ્ઞાતિહોલ

સર્વે જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે આગામી તા.૧૨.૦૩.૨૬ ને ગુરુવાર ના રોજ મહિલાઓ માટે એક અનોખા કાર્યક્રમ નું આયોજન થઈ રહ્યું છે જેમાં આપણા જ સમાજના શ્રીમતિ જ્યોત્સનાબેન અનિષભાઈ શાહ (લણવા) ના દીકરી શ્વેતાબેન શાહ આપણી જ્ઞાતિની બહેનોને ડેમોટ્રેશન આપવા આવી રહ્યા છે. ઉપરોક્ત કાર્યક્રમ મા ભાગ લેવા માટે  **Googal Form** ભરવું આવશ્યક છે. **Googal Form** ની **Link** તા. ૮.૦૩.૨૬ ના રોજ ખુલ્લી મુકાશે અને તા. ૧૦.૦૩.૨૬ ના રોજ બંધ કરાશે તો તે સમય દરમિયાન જેમણે **Registration** કરાવેલ હશે તેઓ માન્ય ગણાશે. આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન વિવિધ રમતો,હાઉસી અને ડાન્સ નું પણ આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમ બાદ અલ્પાહાર નું પણ આયોજન રાખેલ છે.

આ કાર્યક્રમ મા જ્ઞાતિની બહેનો જેઓ કોઈ વ્યવસાય કરતી હોય તેઓ માટે **Stall** રાખવામાં આવશે. માત્ર **10 Stall** ની જ વ્યવસ્થા કરાશે.જેનું બુકિંગ વહેલા તે પહેલા ના ધોરણે  કરવામાં આવશે. વધુ માહિતી હવે પછી What's App દ્વારા જણાવવામાં આવશે.

**બુકિંગ માટે સંપર્ક : સોનલબેન  એસ શાહ  - ૯૯૯૮૩૮૮૧૮૪ (તા.૯.૦૩.૨૬ અને ૧૦.૦૩.૨૬)**

**શ્રીમતી શ્વેતાબેનનો પરિચય :** શ્રીમતી શ્વેતાબેનમાં નાની ઉંમરથી મહેનત, ઉત્સાહ અને આત્મવિશ્વાસ નો સંગમ હતો. માતા પિતા અને દાદા દાદી ના આશીર્વાદ સાથે તેમણે મહેંદી, કુકિંગ, આર્ટ અને ક્રાફ્ટ ક્લાસીસથી શરૂઆત કરેલી. અને દરેક તબક્કે આગળ વધતા રહ્યા. કૉલેજ અને લગ્ન પછી પણ હિંમત થી ઊભા રહ્યા. કોસ્મેટીક શીખી શિક્ષણ આપ્યું અને ૧૦૦૦+સ્કિન કેર અને હેર કેર પ્રોડક્ટ્સ બનાવીને ડોક્ટર્સ અને કંપનીઓ માટે સમગ્ર ભારત ભરમાં Supply શરૂ કર્યો. **Aayush Glamore Zone** દ્વારા દેશભરમાં  ઓળખ આપી અને હવે **VENUS MAGIC (AURRA)** દ્વારા **NYUMAROLOGY** શીખવી  અને કન્સલ્ટિંગ દ્વારા લોકોના જીવનમાં માર્ગદર્શક બન્યા.

**સોનલ એસ. શાહ–મંત્રી ● પિંકી એસ. શાહ–સહમંત્રી**




**અવસાન/શ્રધ્ધાંજલી વિના મૂલ્યે ફોટા સાથે પ્રગટ કરવામાં આવે છે. જ્ઞાતિજનોએ આ અંગેના સમાચાર અમદાવાદ મંડળની ઓફિસે મોકલી આપવા.**

**તકની ખાસિયત એ છે કે,**
**એ આવે એના કરતા જતી રહે,ત્યારે**
**વધુ કિંમતી લાગે છે!**

---

**કર્મોનો અવાજ હંમેશા,**
**શબ્દો કર્તા ઉંચો જ હોય છે !!**

## જેવા ગુણ તેવાં કુળ,...

મનુષ્યના આચરણ થી તેના કુળની,
તેની બોલી થી તેનાં દેશ ની,
તેના આદર - સત્કારથી થી પ્રેમ ની,
અને તેના શરીર થી તેનાં આહાર -
વિહાર ની પરખ થાય છે.



॥ શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥

# ભાવસભર શ્રધ્ધાંજલિ



## સ્વ.દક્ષાબેન રમેશચંદ્ર ગાંધી

ગામ : મોઢેરા ❁ હાલઃ મુંબઈ

જન્મ તા.૦૭-૦૨-૧૯૫૪ ❁ સ્વ.તા.૦૮-૦૨-૨૦૨૬

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું, સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું, ક્ષમા તમારો ગુણ હતો, ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહીં, તમારું હસતું મુખ અને મીઠો સ્વભાવ હંમેશા અમારી યાદોમાં જીવંત રહેશે.

**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના**

સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી પરિવાર

રમેશચંદ્ર પોપટલાલ ગાંધી

સ્વ.ભાઈલાલભાઈ પોપટલાલ ગાંધી
સ્વ.લીલાવતીબેન ભાઈલાલભાઈ ગાંધી

સ્વ.શશીકાન્ત પોપટલાલ ગાંધી
સ્વ.કાન્તાબેન શશીકાન્ત ગાંધી

ભદ્રેશ રમેશચંદ્ર ગાંધી
હેમાલી ભદ્રેશભાઈ ગાંધી
માનસી

સોનલ વિપુલકુમાર શાહ
ઈશીતા મયુરકુમાર વસાણી
ઈશાન
(પીંઢારપુરા)

કાનન દિપલકુમાર શાહ
ભૂમિ-મન
(ઉનાવા)

અતુલ-સંગીતા
દિપ-મિતવા
શનાયા

જયેશ-દિપીકા
રાજ-પાયલ
જય-પૂર્વી

અલકા-હિતેષ
મીતા-મનીષ

સ્વ.મોહનલાલ મુલચંદ ગાંધી સમસ્ત પરિવાર (મોઢેરા)

પીયરપક્ષ : સ્વ.ઉત્તમલાલ પૂનમચંદ શાહ પરિવાર (પીંઢારપુરા)

બી-૪૦૧, પદ્માવતી પેલેસ, એલ.ટી.રોડ, બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૯૨.

# અવસાન-શ્રદ્ધાંજલિ



**જશવંતભાઈ કાંતિલાલ શાહ**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૩૧-૦૧-૨૦૨૬, શનિવાર



**મંજુલાબેન હસમુખભાઈ શાહ**
ગામ : મણુદ
હાલ : નડિયાદ
સ્વ. તા.૨૯-૦૧-૨૦૨૬, ગુરૂવાર



**બિપીનકુમાર નટવરલાલ શાહ**
ગામ : લુણવા મંડાલી
હાલ : સિદ્ધપુર
સ્વ. તા.૦૩-૦૨-૨૦૨૬, મંગળવાર



**દક્ષાબેન રમેશચંદ્ર ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : બોરીવલી (મુંબઈ)
સ્વ. તા.૦૮-૦૨-૨૦૨૬, રવિવાર



**શ્રી મુકેશભાઈ પ્રવીણચંદ્ર શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૦-૦૨-૨૬, શુક્રવાર



**સ્વ.રમેશભાઈ ભોગીલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૧-૦૨-૨૬, શનિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## બદલાયેલા સરનામા તેમજ આજીવન સભ્યપદ

**મહિલા સભ્ય ની યાદી**

**આયુષી સ્વપ્નિલ શાહ** ..................................(લણવા)
૨,તૃપ્તિ સોસાયટી, લિટલ ફલાવર સ્કૂલ ની પાછળ, ભઠ્ઠા,પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ મો.૭૦૬૯૦ ૫૩૦૪૮

**બદલાયેલા સરનામાની યાદી**

**અમદાવાદ**

**મુકેશભાઇ લહેરચંદ શાહ** ..............................(બોકરવાડા)
૨૧/૨૧૯,પૂજન એપાર્ટમેન્ટ, જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે, વાસણા અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૯૨૫૧ ૯૬૧૦૯

**અલ્પેશ સુમતિભાઈ શાહ**...............................(બોકરવાડા)
એ-૧૦૧,શ્રી પાર્શ્વ એનેક્સી, સંજીવની હોસ્પિટલ ના ખાંચામાં, મૈત્રી વાત્સલ્ય ધામની સામે, જૈનનગર , પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ મો. ૯૮૭૯૬૫૯૪૪૨, ૮૧૪૧૦૨૧૨૬૪

**જયેશ બાબુલાલ ગાંધી**...................................(રણુંજ)
B-2,પુષ્પ રેસિડન્સી,ધરણીધર દેરાસર ની પાછળ, શૈલ્ય ફ્લેટ ની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૯૦૯૯ ૫૮૬૮૯

**રોનક કેતનકુમાર શાહ** ................................(ધિણોજ)
સી-૧૧, વિશાલ ટાવર, નૂપુર ટાવર ની બાજુમાં, જોધપુર ગામ, સેટેલાઇટ,અમદાવાદ ૩૮૦૦૧૫ મો.૯૭૨૪૩ ૩૮૮૫૦

**સુરત**

**વસંતભાઇ કેશવલાલ શાહ** ............................(કમાણા)
બી -૧૦૦૧, મંગલમ પેલેસ, , વેસુ કેનાલ રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭. મો.૭૦૧૬૪ ૪૯૬૭૩

**મુંબઈ**

**જય પોપટલાલ શાહ** ..................................(ધિણોજ)
૧૦૩,પેલેસ ચાલ્સ, દોલતનગર રોડ નં.૯, બોરિવલી (ઈસ્ટ),મુંબઈ (મહારાષ્ટ્ર) ૪૦૦૦૬૬. મો. ૯૮૬૭૩ ૪૭૯૮૨


## પરિવાર પત્રિકા

**જાહેરાતના ભાવ**

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)................................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)......................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ....................................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ...................................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ......................................રૂા.૧૫૦૦/-
- ફક્ત કોમર્શીયલ જાહેરાત 6cm x 9 cm....................રૂા.૬૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત..................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત..................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684




**લગ્ન ઈચ્છુકનો બાયોડેટા ફોટો સાથે વિનામૂલ્યે પ્રગટ કરવામાં આવશે.**

**સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.**



## છઠ્ઠી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



# સ્વ. શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ (દેલોલી-રાજકોટ)

**જન્મ તા.: ૦૧-૦૬-૧૯૫૫ ● સ્વ.તા.: ૧૪-૦૩-૨૦૨૦**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી.
અકાળે અવસાન પામનાર, શોકમાં મૂકી જનાર, કસમયે નિરાધાર કરી કુટુંબ માટે ફુલો પાથરી ગયા,
સૌના પથદર્શક બની ગયા. દુઃખને દેખાડયું નહી, સુખને છલકાવ્યું નહી,
જીવનભર મહેનત કરી સમગ્ર પરિવારનું હંમેશા ભલું કરી ગયા, સમાજમાં સુવાસ ફેલાવી,
સેવા, સમર્પણ અને સંસ્કારની જ્યોતિ જલાવી ગયા, તમારી ખોટ કદી વિસરશે નહિ,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી
જયાબેન ભાઈલાલભાઈ ગાંધી
સંદીપ ભાઈલાલભાઈ ગાંધી
નિમા સંદીપ ગાંધી
મૈત્રી - દિયા
(સમોડા-અમદાવાદ)

અલ્પેશ ભાઈલાલભાઈ ગાંધી
ફાલ્ગુની અલ્પેશ ગાંધી
કુશ અલ્પેશ ગાંધી
કાવ્ય અલ્પેશ ગાંધી
(સમોડા-અમદાવાદ)

જયદીપ મહેન્દ્રભાઈ શાહ
જીગલ જયદીપ શાહ
વૈભવ જયદીપ શાહ
દિવ્ય જયદીપ શાહ
(દેલોલી-રાજકોટ)

**A-5, વ્રજ એપાર્ટમેન્ટ, ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ-૬. M.: ૯૩૭૭૭ ૦૨૦૧૦**

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.





# Ajit® Masala

UNJHA



UNJHA'S FAMOUS




"शुद्धता की गारंटी, स्वाद की पहचान"


## શા માટે અજીત મસાલા વાપરવા જોઈએ ???

- ઉત્તર ગુજરાત નું ઊંઝા એટલે મસાલાનું હબ.
- ઊંઝા ની જાણીતી અને વિશ્વાસ પાત્ર બ્રાન્ડ અજીત મસાલા જે ૧૧ વર્ષથી સ્વાદ અને ગુણવત્તા સાથે ગેરંટી વાળા મસાલા આપે છે.
- કંપનીના ૬૦% મસાલા જૈનોના ઘરે વપરાય છે.
- સીઝનમાં બારેમાસ ભરવા માટે સર્વ શ્રેષ્ઠ એક વર્ષની ગેરંટી સાથે.
- અમારા મસાલાની ગુણવત્તાના આધારે ૧૦૦% ફરીથી ઓર્ડર આવે છે.
- અમદાવાદ, મુંબઈ, વડોદરા, સુરતની ૩૦૦૦ થી વધુ સોસાયટીમા મસાલા સપ્લાય થાય છે.
- ૧૦ કરતા વધારે દેશોમાં એક્ષપોર્ટ.
- આજે જ નીચે આપેલા નંબર ઉપર સંપર્ક કરો.

**For Free Testing Sample Kit & Order Contact :**
આપણા સમાજના **મેઘનાબેન માર્મિકકુમાર શાહ** (વડાવલીવાળા)
**Mob. 95588 29515 / 94267 25469**
૫, શૌર્ય એવન્યુ, શિલ્પાલય ફ્લેટ પાસે,
પાણીની ટાંકી સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

## પ્રોડક્ટ લીસ્ટ

| | |
|---|---|
| કાશ્મીરી મરચા પાવડર (મોળુ) | જીરૂ સુપર |
| રેશમ પટ્ટી મરચા પાવડર (મીડીયમ) | જીરૂ એક્ષટ્રા બોલ્ડ |
| તેજા મરચુ પાવડર (તીખુ) | વરીયાળી સુપર |
| સેલમ હળદર પાવડર | વરીયાળી આબુરોડ |
| ધાણાજીરૂ પાવડર | લખનૌ વરીયાળી |
| ચા મસાલો | મેથી |
| ગરમ મસાલો | તલ સફેદ |
| હીંગ (૨૫૦gm) | રાઈ મીડીયમ |
| કાળા મરી | રાઈ ખમણી |
| ઈલાયચી (8MM) | અજમો સુપર |
| લવંગ | અજમો એક્ષટ્રા બોલ્ડ |
| તજ સાદા | મીક્સ મુખવાસ |
| તજ ભુંગળી | ધાણી ગ્રીન |
| ઈસબગુલ | લુણાવાડા કોકમ |
| ધાણાદાળ | મેથી કુરીયા |
| રાઈ કુરીયા | અળસી સેકેલી |
| ખસખસ | સુવા |



# પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL, Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI